# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-09-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# AALOK PANDE- RAIN NUKSAN STITHI

25થી 31 ઓગસ્ટ દરમિયાન ગુજરાતનાં કેટલાંક જિલ્લામાં પડેલા અતિભારે વરસાદની સ્થિતિનો તાગ મેળવવા માટે કેન્દ્ર સરકારના છ સભ્યોની એક ટીમ ગુજરાત આવશે. આ ટીમ રાજ્યનાં અધિકારીઓ સાથે મળીને નુકસાનીનો સર્વે કરશે. આજે એક પત્રકાર પરિષદમાં રાહત કમિશનર આલોક પાંડેએ જણાવ્યું કે,

## (બાઇટ- આલોક પાંડે-રાહત કમિશ્નર)

તેમણે જણાવ્યું કે, વડોદરા, સુરત, રાજકોટ, આણંદ, કચ્છ, ખેડા, ગાંધીનગર, જામનગર, દેવભૂમિ દ્વારકા, નર્મદા, નવસારી અને પોરબંદર, મોરબી તથા વલસાડ જિલ્લાઓમાં કુલ ૧ હજાર ૧૨૦ ટીમ દ્વારા સરવેની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ 14 જિલ્લામાં એક  લાખ  69 હજાર લોકોને અત્યાર સુધી 8 કરોડ રૂપિયાથી વધુની રોકડ સહાય ચૂકવવામાં આવી છે. ઘરવખરી અને કપડા સહાય માટે અત્યાર સુધીમાં ૫૦ હજારથી વધુ પરિવારોને  20 કરોડ રૂપિયાથી વધુ રકમ ચૂકવાઈ છે.

રાજ્યમાં ભારેથી અતિ ભારે વરસાદના કારણે કુલ  બે હજાર ૬૧૮ મૃત પશુઓના માલિકોને કુલ એક કરોડ 78 લાખની સહાય આપવામાં આવી છે.

હવાઇ દળ અને તટરક્ષક દળની મદદથી 37 હજારથી વધુ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. શ્રી પાંડેએ જણાવ્યું કે, ભારે વરસાદથી બિસ્માર બનેલા રોડનું રીપેરીંગ કામ યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે.. માર્ગ મકાન વિભાગ દ્વારા અત્યાર સુધીમાં 2 હજાર 223 કિલોમીટરનાં માર્ગનું રિપિરીંગ કરવામાં આવ્યું છે.

# RAIN OVERALL

ગુજરાતમાં વરસાદનું જોર ઘટ્યું છે. જો કે, દક્ષિણ ગુજરાત કેટલાંક જિલ્લામાં સાર્વત્રિક મેઘમહેર જોવા મળી છે. સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર-ગાંધીનગરના અહેવાલ મુજબ છેલ્લાં ૨૪ કલાક દરમિયાન ભરૂચના વાલિયા તાલુકમાં સૌથી વધુ ૬ ઇંચ અને નેત્રંગ તાલુકામાં પાંચ ઇંચ, સુરતના ઉમરપાડામાં અને વલસાડ તાલુકામાં ૪ ઇંચ વરસાદ નોંધાયો છે.

રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૧૧૮ ટકા નોંધાયો છે. કચ્છ ઝોનમાં સૌથી વધુ ૧૮૨ ટકા, સૌરાષ્ટ્ર ઝોનમાં ૧૨૬ ટકા, દક્ષિણ ગુજરાત ઝોનમાં ૧૨૦ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૧૧૪ ટકા, ઉત્તર ગુજરાતમાં ૯૬ ટકા સરેરાશ વરસાદ નોંધાયો છે.

દરમિયાન, આજે રાજ્યમાં નહિંવત વરસાદ પડ્યો છે. સવારે છથી બપોરનાં 12 વાગ્યા સુધીમાં 40 તાલુકામાં હળવોથી સામાન્ય વરસાદ પડ્યો છે. પાટણના સાંતલપુર તાલુકામાં સૌથી વધુ પોણા બે ઇંચ વરસાદ પડ્યો છે.

ગુજરાતમાં સાર્વત્રિક મહેરનાં કારણે રાજ્યના ૫૫ ટકાથી વધુ એટલે કે ૨૦૬ જળાશયોમાંથી ૧૧૫ જળાશયો સંપૂર્ણ ભરાયા છે, જ્યારે ૪૫ જળાશયો ૭૦ થી ૧૦૦ ટકા વચ્ચે ભરાતા હાઈ એલર્ટ જાહેર કરાયા છે.

૧૭ ડેમ ૫૦ ટકાથી ૭૦ ટકા ભરાતા એલર્ટ અપાયું છે. જ્યારે ૨૦ ડેમમાં ૨૫ થી ૫૦ ટકા વચ્ચે તેમજ ૯ ડેમમાં ૨૫ ટકાથી ઓછું પાણી સંગ્રહ થયું છે.

ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં હાલમાં ૨ લાખ ૮૮ હજા ૨૪૮ MCFT એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૮૬ ટકાથી વધુ જળસંગ્રહ નોંધાયો છે. રાજ્યના કુલ ૨૦૭ જળાશયોમાં ૮૧ ટકાથી વધુ જળસંગ્રહ થયો છે તેમ, જળ સંપત્તિ વિભાગના અહેવાલમાં જણાવાયું છે.

આજે સવારે ૮.૦૦ વાગ્યાના અહેવાલ મુજબ સરદાર સરોવર યોજનામાં ૨.૩૫ લાખ ક્યુસેક પાણીની આવક સામે ૨.૪૫ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. સૌથી વધુ મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં ૯૨ ટકા, કચ્છના ૨૦ જળાશયોમાં ૮૭ ટકા, સૌરાષ્ટ્રના ૧૪૧માં ૮૫ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩માં ૭૮ ટકા, જ્યારે ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૫૨ ટકાથી વધુ પાણીનો સંગ્રહ થયો છે.

અમારા ભરૂચના પ્રતિનિધી જણાવે છે કે, સાહોલ અને વડોલી વાંક વચ્ચે કીમ નદીના પાણી માર્ગ પર ફરી વળતા હાંસોટથી સુરતને જોડતો સ્ટેટ હાઇવે બંધ કરવામાં આવ્યો છે. સાહોલથી કોસંબાને જોડતા માર્ગ પર પણ પાણી ફરી વળ્યું છે. ભારે વરસાદને કારણે હાંસોટ તાલુકામાંથી ૧૬૬ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. આસરમાં ગામમાંથી બાવન અને પાંજરોલી ગામમાંથી ૧૧૪ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે.

સુરતના ઓલપાડ અને હાંસોટને જોડતા માર્ગ પર વાહન વ્યવહાર બંધ કરવામાં આવ્યો છે.

દરમિયાન, વાલોડ મહુવા વિધાનસભાના ભાજપના ધારાસભ્ય મોહન ઢોડિયાએ મુખ્યમંત્રીને પત્ર લખીને નદી કિનારાની ખેતીની જમીન ધોવાઇ જતાં સર્વે કરી પ્રોટેક્શન વોલ માટે મંજૂરી આપવા માંગણી કરી છે.  આ ઉપરાંત, મહુવા, બુહારી,સહિતનાં ગામોમાં સર્વે કરવાની પણ માંગણી કરી છે.

અમારા અરવલ્લી જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે, ભારે વરસાદને કારણે વાત્રક જળાશય 55 ટકા, માઝમ જળાશય 93 ટકા અને મેશ્વો જળાશય 71 ટકા ભરાયો છે...મેશ્વો જળાશયમાં પાણીની આવક વધવાથી નીચાણવાળા મોડાસા, ધનસુરા અને ભિલોડા તાલુકાનાં 30 જેટલા ગ્રામ્ય વિસ્તારોને એલર્ટ કરાયા છે.

અમારા ખેડા જિલ્લાના પ્રતિનિધી જણાવે છે કે, જિલ્લામાં પુરગ્રસ્ત પરિસ્થિતિમાં રોગચાળો થવાની શકયતા રહેલી છે. આરોગ્ય તંત્રની ૬૮૬ ટીમો દ્વારા ૨ હજાર ૨૫૪ વ્યકિતઓને વિવિધ રોગોની પ્રાથમિક સારવાર આપવામાં આવી છે.

# RAIN AAGAHI

રાજ્યમાં આગામી પાંચ દિવસ દરમિયાન વરસાદના પ્રમાણમાં ઘટાડાની આગાહી કરવામાં આવી છે.. હવામાન વિભાગે આજે ઉત્તર ગુજરાતના બનાસકાઠાં અને પાટણમાં ભારે વરસાદની આગાહી કરીને ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. જ્યારે કચ્છ અને મોરબી, ઉત્તર ગુજરાતના મહેસાણા, સાબરકાંઠા અને અરવલ્લીમાં તેમજ મધ્ય ગુજરાતના મહિસાગર અને દાહોદમાં અને દક્ષિણ ગુજરાતમાં તાપી અને ડાંગ સિવાયના જીલ્લાઓમાં યલો એલર્ટ જાહેર કરાયું છે..

જ્યારે સૌરાષ્ટ્ર, અમદાવાદ, પંચમહાલ, આણંદ, ખેડા અને છોટાઉદેપુરમાં વરસાદની કોઇ ચેતવણી જાહેર કરાઇ નથી. આવતીકાલે કચ્છ, મોરબી અને ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદનું યલો એલર્ટ આપવામાં આવ્યું છે.